વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/-ના ટોકન દરે આપવામાં આવેલ ટેબ્લેટ અન્વયે જમા થયેલ રકમને Digital Education Development Fund (DEDF) તરીકે ઉપયોગ કરવા અંગેની નવી બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-પરચ/ ૧૦૨૦૧૭/ ૨૬૯/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૪/૮/૨૦૧૭

<u>પ્રસ્તાવના</u>

વિદ્યાર્થીઓ નિયમિત શિક્ષણ ઉપરાંત વધુ માહિતી / અભ્યાસક્રમ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો જેવા કે Massive Online Open Courseware (MOOC) તેમજ ખ્યાતનામ શિક્ષણ સંસ્થાઓના વીડીયો લેક્ચર્સ / સપ્લીમેન્ટરી ક્વીઝ ઇત્યાદી મારફત નિયમિત શિક્ષણમાં મૂલ્યવર્ધન કરી શકે તે માટે ધોરણ-૧૨ અથવા ધોરણ-૧૦ની માન્ય બોર્ડની વર્ષ ૨૦૧૭ની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના અથવા AICTE માન્ય ડીપ્લોમા અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ આપવા માટે રૂ.૨૦૦.૦૦ કરોડ (અંકે રૂપિયા બસો કરોડ પુરા)ની યોજના વર્ષ ૨૦૧૭-૧૮ અમલમાં મૂકેલ છે. આ અનુસંધાને વિધાર્થીઓ પાસેથી ટોકન રકમ તરીકે મળેલ રૂ.૧૦૦૦ ની કુલ એકત્રિત રકમ રૂ.30 કરોડની Digital Education Development Fund (DEDF) તરીકે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ડિજીટલ ગેપ પૂરવા માટેની નવી બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>

પુખ્ત વિચારણાને અંતે આ વિભાગ દ્વારા Digital Education Development Fund (DEDF)ની નવી યોજનાને મંજુરી આપવામાં આવે છે જેમાં પ્રથમ તબક્કે ચાલુ વર્ષે સરકારી કોલેજો/યુનિવર્સિટીઓમાં WIFI ફેસેલિટી તથા અન્ય હેતુઓ માટે સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

સદરહુ બાબતને નવી બાબત તરીકે ગણવાની હોઈ તેમજ તેનો અંદાજપત્રમાં સમાવેશ થયેલ ન હોઈ આ નવી સેવા માટે રૂ.30 કરોડની જરૂરિયાત અન્વયે આકસ્મિક નિધિમાંથી રૂ.૧.૦૦ કરોડની રકમ ફાળવવામાં આવે છે. અને બાકીની રકમ રૂ.૨૯.૦૦ કરોડની રકમ એડીશનલ ઓથોરાઈઝેશનથી ફાળવવાની રહેશે. સદરહુ આકસ્મિક નિધિમાંથી પેશગી તેમજ એડીશનલ ઓથોરાઈઝેશનની રકમ શિક્ષણ વિભાગ હેઠળના બજેટ સદર ૦૯,

૨૨૦૩-૦૦-૦૦૦૧-૦૧, "ટીઈડી-૧ કમિશનર ટેકનીકલ શિક્ષણ કચેરીના સેટઅપને સંગીન બનાવવું" તે સદર હેઠળ ઉધારવાનું રહેશે.

આકસ્મિક નિધિ તેમજ એડીશનલ ઓથોરાઈઝેશનથી મેળવેલ રકમનો વિભાગે ૨૦૧૭-૧૮ના સુધારેલ અંદાજમાં સમાવેશ કરવાનો રહેશે. તેમજ આ રૂ.૩૦.૦૦ કરોડ વિભાગની કુલ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.

Digital Education Development Fund (DEDF) ફંડનો ઉપયોગ નીચેના હેતુઓ માટે કરવા આથી ઠરાવવામાં આવે છે.

1. રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં ડીજીટલ ગેપ પૂરી કરવા સારૂ
   - ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસ વાઈફાઈ કરવા.
   - ડીજીટલ ક્લાસરૂમ ઉભા કરવા.
   - ઈ-લાઈબ્રેરી Strengthen કરવી.
   - શૈક્ષણિક સોફ્ટવેર જેવા કે MATLAB વિગેરે પ્રકારના ખરીદી શકાય.
2. ઔધોગિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે લીંકેજ ગોઠવવા.
3. ઈનોવેશન અને સ્ટાર્ટઅપને સહાય માટે સાધનોની ખરીદી કરી શકાય.
4. ટેબલેટના ગુણવત્તા યુક્ત ઉપયોગ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં વર્કશોપનું આયોજન કરવું.
5. ઈ-લેક્ચર્સનું આયોજન કરવું.
6. રીસર્ચ અને ઈનોવેશન સાથે સંકળાયેલી બાબતોમાં સહાયરૂપ થવું.

આ ફંડના વપરાશ માટે જુદુ માળખું ઊભું ન થાય ત્યાં સુધી પ્રથમ તબક્કે સરકારી કોલેજોમાં WIFI ની સુવિધા તથા અન્ય ઠરાવેલ હેતુઓ માટે આ ફંડનો ઉપયોગ અને અમલવારી કે.સી.જી દ્વારા કરવામાં આવશે જે માટે રૂ.૩૦ કરોડ ટીઈડી-૧ સદરે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને આ ફંડ નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણ મારફત કે.સી.જી ને ઠરાવેલ હેતુઓ માટે ફાળવવામાં આવશે.

Digital Education Development Fund (DEDF) ફંડના ઠરાવેલ હેતુઓ માટે ઉપયોગ સારૂ રાજ્ય સ્તરની સલાહકાર સમિતિ અને અમલીકરણ સમિતિ નીચે પ્રમાણે રહેશે.

**Advisory Committee**

| | |
|---|---|
| Hon'ble Minister of Education | Chairperson |
| Hon'ble Minister of State (Higher & Technical Education) | Co-Chair |
| Principal Secretary, Higher & Technical Education | Member |
| Secretary, Science & Technology, Department | Member |
| Secretary, Expenditure, Finance Department | Member |
| Director, Technical Education | Member Secretary |
| Director, Higher Education | Member |

**Executive Committee**

| | |
|---|---|
| Principal Secretary, Higher & Technical Education | Chairperson |
| Secretary, Expenditure Finance department or Representative | Member |
| Secretary, Science & Technology department or Representative | Member |
| Director, Technical Education | Member Secretary |
| Director, Higher Education | Member |

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.